રવિવાર, 14 ડિસેમ્બર, 2025 માગશર વદ દસમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ

## અમદાવાદ: 'ડિજિટલ એરેસ્ટ' ફ્રોડથી વૃદ્ધ મહિલાને ડરાવી ₹૩૩.૩૫ લાખ પડાવવાનો પ્રયાસ નિષ્ફળ

અમદાવાદમાં સાઇબર ક્રાઇમ અને ખાનગી બેંકના કર્મચારીઓએ મળીને 'ડિજિટલ એરેસ્ટ' ફ્રોડની એક મોટી ઘટનાને નિષ્ફળ બનાવી છે, જેના કારણે એક વૃદ્ધ મહિલાના ₹૩૩.૩૫ લાખ બચી ગયા. આ ઠગ ટોળકીએ વૃદ્ધ મહિલાને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી બનીને ડરાવ્યા હતા. તેમને અજાણ્યા વોટ્સએપ કોલ દ્વારા જણાવાયું કે તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ સંદિગ્ધ ગતિવિધિઓમાં થયો છે અને તેમના આધાર કાર્ડ સાથે જોડાયેલા બેંક એકાઉન્ટમાં સ્કેમના પૈસા આવ્યા છે. આ ધમકીઓથી ડરી ગયેલા મહિલાને સાઇબર ઠગોએ તેમના નાણાંનું 'વેરિફિકેશન' કરવાના બહાને ₹૩૩.૩૫ લાખ ખાનગી બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા કહ્યું. ગત ૧૦મી ડિસેમ્બરે મહિલા મણિનગરની બેંક ઓફ બરોડામાં આ મોટી રકમ ટ્રાન્સફર કરવા પહોંચ્યા. તેમની ઉતાવળ અને ડરેલા ચહેરાને જોઈને બેંક અધિકારીઓને શંકા ગઈ અને તેમણે સાઇબર ક્રાઇમને જાણ કરી.

પીએસઆઇ ઈશ્વર પટેલ અને તેમની ટીમ બેંક પહોંચી. તપાસ દરમિયાન, વૃદ્ધ મહિલાના ફોનમાં અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ ચાલુ હતો. પોલીસે મહિલાનો ફોન ચેક કર્યો તો તેમાં બનાવટી દસ્તાવેજો મળી આવ્યા, જે 'ડિજિટલ એરેસ્ટ' ફ્રોડના પુરાવા હતા. પોલીસે તાત્કાલિક ફોન કટ કરાવી, મહિલાનું અસરકારક કાઉન્સેલિંગ કર્યું અને તેમને આ ફ્રોડની વિગતો સમજાવી. સાઇબર ક્રાઇમની સમયસરની દખલગીરીથી વૃદ્ધ મહિલા મોટી નાણાકીય છેતરપિંડીનો ભોગ બનતા બચી ગયા.



## નારોલ સત્યમ નગરમાં ગેસ બાટલો ફાટતાં આગ

અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલ સત્યમ નગરમાં ગેસનો બાટલો ફાટવાને કારણે મકાનમાં આગ ફાટી નીકળી હતી. ફાયર બ્રિગેડને જાણ કરાતા બે ગાડીઓ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. આ દુર્ઘટનામાં મકાનમાં હાજર બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી ગયા હતા, જ્યારે એક વ્યક્તિ બેભાન થઈ ગયો હતો. ફાયર ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી અને ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં લીકેજ બાદ બાટલો ફાટ્યો હોવાનું જણાય છે.

## થરાદમાં માટીની આડમાં સંતાડેલો દારૂનો જથ્થો પકડાયો

થરાદ પોલીસે પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર સકંજો કસતાં વાતડાઉ ગામની સીમમાં ભારતમાલા રોડ પરથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. વાહન ચેકિંગ દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલા ટ્રેઈલર (RJ-19-GF-0267)માંથી માટીની આડમાં છુપાવેલી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૨૦૦૨ બોટલો મળી આવી, જેની કિંમત ₹૫,૧૨,૯૨૦/- છે. પોલીસે ટ્રેઈલરના ડ્રાઇવર રામચંદ્ર દલ્લારામ વૈશ્ણવ (રહે. બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી. દારૂના જથ્થા ઉપરાંત, ટ્રેઈલર ગાડી અને મોબાઈલ ફોન સહિત કુલ ₹૧૫,૪૨,૯૨૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. થરાદ પોલીસે દારૂ ભરાવનાર અને મંગાવનાર સહિત તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખંભાત પોલીસે CNG રીક્ષા સાથે સોના-ચાંદીના દાગીના ચોરનારને દબોચ્યો



ખંભાત શહેર પોલીસે રીક્ષામાં પેસેન્જરને બેસાડી દાગીનાની ચોરી કરતી ગેંગના મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે લાલ દરવાજા સર્કલ પાસેથી મૂળ ધોળકાના અને હાલ બાવળાના રહેવાસી સુરેશભાઈ ધીરુભાઈ દેવીપૂજકને તેની CNG રીક્ષા સાથે પકડવામાં આવ્યો છે. તેની ધરપકડથી ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો ચોરીનો ગુનો ઉકેલાઈ ગયો છે. આરોપીને વધુ કાર્યવાહી માટે વરતેજ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

## એરપોર્ટ પોલીસે સરદારનગરમાં વિદેશી દારૂનો જથ્થો પકડ્યો



સરદારનગરના રહેણાંક મકાનમાં ચાલતું હતું દારૂનું નેટવર્ક: એરપોર્ટ પોલીસ ત્રાટકી અમદાવાદ: શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકના દારૂબંધીના કડક આદેશોને પગલે એરપોર્ટ પોલીસે વધુ એક સફળ કામગીરી કરી છે. સરદારનગર વિસ્તારમાં બુટલેગરો સક્રિય હોવાની બાતમી મળતા સર્વેલન્સ સ્કોડે મોડી રાત્રે વોચ ગોઠવી હતી.

બાતમી મળી હતી કે સિંધી કોલોનીના મકાન નં. A-109 માં વિદેશી દારૂનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ હકીકતના આધારે PSI પી.જી. ચાવડા અને તેમની ટીમે ૧૩ ડિસેમ્બરની રાત્રે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને મકાનમાંથી જુદી-જુદી બ્રાન્ડની ૭૪ વિદેશી દારૂની બોટલો અને પ્લાસ્ટિકના કેરબામાં ભરેલો ૧૪ લીટર દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત, ખાલી બોટલો, ઢાંકણા અને નોઝલ જેવા રી-પેકિંગ માટેના સાધનો પણ મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે અહીં દારૂના કટિંગનું કામ પણ ચાલતું હતું.

કુલ ₹૨,૬૯,૯૫૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જોકે, દરોડા સમયે મકાન માલિક અને આરોપી કપિલ હરિયાણી મળી આવ્યો ન હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## ગુજરાતમાં દવા વેચાણ નિયમો વધુ કડક અમલમાં

ગુજરાત રાજ્યમાં દવાઓના વિતરણ અને વેચાણ અંગે ફાર્મસી એક્ટ, ૧૯૪૮ની કલમ ૪૨નું કડક પાલન અનિવાર્ય કરાયું છે. 'જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) અધિનિયમ, ૨૦૨૩' અનુસાર, હવે મેડિકલ પ્રેક્ટિશનરના પ્રિસ્ક્રિપ્શન પર ફક્ત રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ જ એલોપેથિક દવાઓનું વેચાણ કરી શકશે. નિયમ ભંગ કરનારને ત્રણ માસ સુધીની કેદ અથવા ₹૨,૦૦,૦૦૦/- સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. ઉત્તર ગુજરાત IPAના પ્રમુખ મનોજ કુમાર પંડ્યાએ GSPCના આ કડક અમલને આવકાર્યો છે. તેમણે ચેતવણી આપી હતી કે ફાર્માસિસ્ટની હાજરી વિના દવા વેચવામાં આવશે તો ₹૨ લાખથી ₹૫ લાખ સુધીના દંડ અને જેલ સહિતની કડક કાર્યવાહી.

## મહીસાગર: સંતરામપુરમાં 'બેટી બચાવો બેટી પઢાવો' જાગૃતિ સેમિનાર

મહીસાગર જિલ્લાની દીકરીઓને સમાજમાં સમાન અધિકાર અને સુરક્ષા પ્રદાન કરવાના ઉમદા હેતુથી 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત સંતરામપુર ખાતે એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતરામપુર તાલુકાના ખેરવા મોડેલ સ્કૂલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ, શિક્ષકો અને વાલીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ સેમિનારમાં સરકારની 'બેટી બચાવો બેટી પઢાવો' યોજનાના વિવિધ પાસાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ દીકરીઓના જન્મદરને સુધારવા, તેમને શિક્ષણ આપવા અને સમાજમાં તેમનું સન્માન જાળવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થિનીઓને તેમના કાયદાકીય અધિકારો, શારીરિક અને માનસિક સુરક્ષાના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં દીકરીઓ પ્રત્યેના નકારાત્મક વલણને બદલીને તેમને સશક્ત અને આત્મનિર્ભર બનાવવાનો છે. મહીસાગરની દીકરીઓ શિક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરે તેવો સંદેશ આ સેમિનાર દ્વારા આપવામાં આવ્યો હતો.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## વડોદરા: પાઇપલાઇન રિપેરિંગમાં ભેખડ ધસી પડતા શ્રમિક દબાયો, મોત



વડોદરાના કરોડિયા લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે પાઇપલાઇન લિકેજનું સમારકામ કરતા શ્રમિક કાંતિભાઈ ચારેલ પર અચાનક ભેખડ ધસી પડતા તે ઊંડા ખાડામાં દટાયા. સ્થાનિક લોકોએ બહાર કાઢી તેમને હોસ્પિટલ ખસેડ્યા, જ્યાં સારવાર દરમિયાન તેમનું દુઃખદ અવસાન થયું. જવાહરનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

## પલાસવાડા માર્ગે ધૂળ અને ખાડાઓથી લોકો પરેશાન

ડભોઇ તાલુકાનું પલાસવાડા ગામ હાલ માર્ગ અને રેલવે કામગીરીની અપૂરતી વ્યવસ્થાના કારણે મુશ્કેલીમાં મુકાયું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતો મુખ્ય માર્ગ એક મહિનાથી વધુ સમયથી ધૂળ, ઊંડા ખાડા અને સાંકડા રસ્તાની સમસ્યાથી ઘેરાયેલો છે. ફાટક પર ચાલી રહેલી નવીનીકરણ કામગીરી દરમિયાન માત્ર મેટલ અને કપચી નાખી દેવામાં આવતા ધૂળની ડમરીઓ સતત ઉડે છે. પાણીનો છંટકાવ ન થવાને કારણે વાહનચાલકો, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ હેરાન છે. ઉડતી ધૂળથી દૃશ્યતા ઘટી રહી છે અને અકસ્માતનો ભય પણ વધ્યો છે, જ્યારે નજીકના ખેતરોના પાકને પણ નુકસાન થતું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા



## ૯ વર્ષથી ફરાર હત્યારાને પકડ્યો: ક્રાઇમ બ્રાન્ચની મોટી સફળતા

વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચે ગુજરાત પોલીસના 'ઓપરેશન કારાવાસ'ને સફળતા અપાવતા ૯ વર્ષથી ફરાર હત્યારાને ઝડપી પાડ્યો છે. આજીવન કેદની સજા પામેલો આરોપી કમલસિંહ દીપચંદસિંહ યાદવ ૨૦૦૨માં નોંધાયેલા હત્યાના ગુનામાં સજા ભોગવતો હતો. ૨૦૧૬માં તે પેરોલ પર છૂટ્યા બાદ જેલમાં પરત આવ્યો નહોતો.

પી.એસ.આઈ. બી.વી. ગોહીલ અને તેમની ટીમે સતત તપાસ ચલાવી. ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી આરોપીનું લોકેશન ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં ટ્રેસ થયું. માહિતી મળી કે તે ત્યાં અંબુજા સિમેન્ટ કંપનીમાં મજૂર તરીકે કામ કરી રહ્યો છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમે ધીરજપૂર્વક કાર્યવાહી કરી. પોલીસકર્મીઓએ મજૂરનો વેશ ધારણ કરીને બે દિવસ સુધી ફેક્ટરીમાં વોચ ગોઠવી. આખરે પેન્ટિંગનું કામ કરતા આરોપી કમલસિંહને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો. પોલીસે ૨૫૦૦ કિલોમીટરનો પ્રવાસ કરીને ગુનેગારને પકડવામાં સફળતા મેળવી છે. હવે આ આરોપીને તેની બાકીની સજા પૂરી કરવા માટે વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી દેવામાં આવ્યો છે.



## ભાવનગર: પાન દુકાનના પતરાં તોડી ચોરી કરનાર શખ્સ ઝડપાયો



ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે શિહોરના જયપાલ લાલજીભાઇ સોલંકીને શંકાસ્પદ મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો. આરોપી જવાહર મેદાન પાસે પ્લાસ્ટિકના ડબ્બામાં પાન-મસાલા વેચી રહ્યો હતો. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, ૬ દિવસ પહેલાં તેણે અને તેના કુટુંબી ભાઈએ ઘોઘા સર્કલ પાસે આવેલ સુનિલ પાનની દુકાનના પતરાં તોડીને રોકડા, સિક્કા, ચોકલેટ અને પાન-મસાલાની ચોરી કરી હતી. પોલીસે કુલ ₹૯૬૮/-નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી માટે ઘોઘા રોડ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## અમદાવાદમાં મંદિર ચોરીના આઠ ગુનાનો ભેદ ઉકેલાયો

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૮ મંદિરોમાં થયેલી ચોરીઓની ઘટના પરથી પડદો ઉંચક્યો છે. ૬ ડિસેમ્બરના રોજ કૃષ્ણનગરના ગોગા મહારાજ મંદિરમાં થયેલી ચોરી બાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો, જેમાં ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા નીલેશ આડેસરા નામના શખ્સને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી નીલેશ આડેસરાએ કૃષ્ણનગર ઉપરાંત માધુપુરા વિસ્તારમાં આવેલા અંબાજી માતાના મંદિરમાં પણ ચોરી કરી હતી. પોલીસે આરોપી પાસેથી ચોરી કરેલો ૫૦૦ ગ્રામ વજનનો ચાંદીનો મુદ્દામાલ, જેમાં ચાંદીની મૂર્તિઓ અને છતરનો સમાવેશ થાય છે, તે જપ્ત કર્યો છે.

આરોપીની પૂછપરછમાં પોલીસને ચોંકાવનારી વિગતો મળી હતી. આરોપીએ અત્યાર સુધીમાં ૮ જેટલા મંદિરોમાં ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ દીપક ઢોલાના જણાવ્યા અનુસાર, આરોપીની મોડસ ઓપરેન્ડી એ હતી કે તે એવા મંદિરોમાં જ ચોરી કરતો જ્યાં રાત્રે તાળું ન હોય. ચોરી કરતા પહેલા તે મંદિરમાં આરતી અને પૂજા કરતો અને ત્યારબાદ હાથ સાફ કરતો. આરોપીએ કબૂલ્યું કે, પત્નીની ડિલિવરી માટે પૈસાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થતાં તેણે આ ગંભીર ગુનાનો માર્ગ અપનાવ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે ૮ મંદિરોમાં ચોરી કરનાર નીલેશ આડેસરાને ઝડપી પાડ્યો. આરોપી ચોરી પહેલા પૂજા કરતો. ૫૦૦ ગ્રામ ચાંદીનો મુદ્દામાલ જપ્ત.**

## મહીસાગર: લુણાવાડામાં 'મેરા યુવા ભારત' સ્પોર્ટ્સ કાર્યક્રમ

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે મહીસાગર જિલ્લામાં 'મેરા યુવા ભારત' પહેલ હેઠળ લુણાવાડા તાલુકા કક્ષાના સ્પોર્ટ્સ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડાના કિડીયા-વખતપુર સ્થિત શ્રી કે.બી. પટેલ હાઈસ્કૂલ ખાતે આયોજિત આ કાર્યક્રમ યુવાનો માટે ઉત્સાહનું કેન્દ્ર બન્યો હતો.

આ સ્પોર્ટ્સ ઇવેન્ટમાં મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો અને તેમની રમતગમતની પ્રતિભાનું પ્રદર્શન કર્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ માત્ર સ્પર્ધા કરાવવાનો નહોતો, પરંતુ યુવાનોને એક સકારાત્મક માહોલ પૂરો પાડવાનો અને તેમને 'મેરા યુવા ભારત'ના ધ્યેય સાથે જોડીને રાષ્ટ્રનિર્માણ અને શારીરિક તંદુરસ્તી માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

મહીસાગરના યુવાનોમાં સ્પોર્ટ્સ પ્રત્યેનો જે જબરદસ્ત જુસ્સો જોવા મળ્યો, તેનાથી સ્પષ્ટ થાય છે કે રમતગમતને પ્રોત્સાહન આપવાના સરકારી પ્રયાસો સફળ રહ્યા છે. આ પ્રકારના તાલુકા કક્ષાના આયોજનો ગ્રામ્ય સ્તરેથી પ્રતિભાશાળી ખેલાડીઓને શોધીને તેમને આગળ વધારવા માટેનું એક મહત્ત્વનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## અંબાજી: પાડલીયા ગામે પોલીસ પર તીર-કામઠાથી હુમલો, PI ઘાયલ

અંબાજીના પાડલીયા ગામે જમીન વિવાદના એક મામલામાં આજે ભારે હિંસા જોવા મળી હતી, જ્યાં ફોરેસ્ટ વિભાગ અને પોલીસના કાફલા પર સ્થાનિક લોકો દ્વારા ઘાતક હુમલો કરવામાં આવ્યો. પોલીસને મળેલા અહેવાલ મુજબ, વિવાદિત જમીન પર કાયદાનું પાલન કરાવવા પહોંચેલા સરકારી કાફલા પર લોકોએ આડેધડ પથ્થરમારો શરૂ કર્યો હતો, જે બાદ મામલો વધુ બિચકતા તીર-કામઠા જેવા પરંપરાગત હથિયારોથી પણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હિંસક હુમલામાં PI આર.બી. ગોહિલ સહિત અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. PI ગોહિલને કાનના ભાગે તીર વાગવાથી તેઓ ગંભીર ઈજા સાથે બેભાન થઈ ગયા હતા, જેના કારણે તેમને તાત્કાલિક સારવારની જરૂર પડી હતી. અન્ય ઘાયલ કર્મીઓને પણ પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે અંબાજી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની ગંભીરતા અને સરકારી કર્મચારી પર થયેલા હુમલાને ધ્યાનમાં લઈને તાત્કાલિક અસરથી પાડલીયા ગામે પોલીસનો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે અને પરિસ્થિતિને સંપૂર્ણપણે નિયંત્રણમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા છે. પોલીસ દ્વારા હુમલો કરનાર તત્વોને ઓળખી કાઢી તેમની સામે સરકારી કામગીરીમાં અવરોધ અને જીવલેણ હુમલો કરવા બદલ કાયદેસરના સખત પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**રિપોર્ટ : સોહીલ શેખ**




## આંકલાવમાં ટ્યુબવેલ વાયર અને કેબલ ચોરી ઘટના

આંકલાવમાં ગત ૧૦મી તારીખની રાત્રે તસ્કરોએ સરકારી સુવિધાઓને ટાર્ગેટ કરી હતી. ચોરીની બે અલગ-અલગ ઘટનાઓમાં નગરપાલિકાના પાણી પુરવઠા અને BSNLની સંચાર વ્યવસ્થાને અસર પહોંચી છે. વીરકુવા પાસે આવેલા નગરપાલિકાના સરકારી પાણીના ટ્યુબવેલ બોર પરથી આશરે ₹૨૮,૦૦૦ની કિંમતના ૨૮ મીટર લાંબા ઇલેક્ટ્રિક વાયરો ચોરાઈ ગયા હતા. આ સાથે, તસ્કરોએ મેઈન બજારમાં પરબડી નજીક BSNL દ્વારા જમીનમાં નાખવામાં આવેલા સંચાર કેબલો પણ કાપીને ચોરી લીધા હતા. આ મામલે નગરપાલિકાના કારોબારી ચેરમેન વિશાલ પટેલે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

### આંકલાવ: પતંગ ચગાવતા ૧૦ વર્ષના બાળકનું હાઈ વોલ્ટેજ કરંટથી મોત

આંકલાવ તાલુકાના ભાણપુરા ગામમાં વીજ કરંટથી ૧૦ વર્ષના કિશોર જયવીરસિંહ દિલીપસિંહ રાજનું મૃત્યુ થતાં ગામમાં ગમગીની છવાઈ છે. જયવીરસિંહ પોતાના ધાબાવાળા મકાન પર પતંગ ચગાવી રહ્યા હતા, ત્યારે મકાન નજીકથી પસાર થતી હાઈ વોલ્ટેજ વીજ લાઈનના સંપર્કમાં આવતા તેમને કરંટ લાગ્યો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત કિશોરને તાત્કાલિક વાસદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાએ વીજ લાઈન પાસે પતંગ ન ચગાવવાની ગંભીર સલામતીની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.


**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## પંચમહાલમાં ગેરકાયદેસર રેતી વહન સામે કડક કાર્યવાહી




પંચમહાલ જિલ્લામાં ખાણ ખનીજ વિભાગે પાંચ તાલુકાઓમાં એકસાથે કાર્યવાહી કરીને ગેરકાયદેસર રેતી ભરેલી સાત ટ્રકો ઝડપી પાડી છે. આ દરમિયાન અંદાજે ₹3.05 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને ડ્રાઈવર-ક્લીનર સહિત 12 લોકોની અટકાયત કરવામાં આવી છે. રોયલ્ટી પાસ વિના રેતીનું વહન થતું હોવાનું સામે આવ્યું છે. આ કાર્યવાહીને કારણે જિલ્લામાં ખનીજ ચોરી કરનારાઓમાં ચિંતા ફેલાઈ છે.

## પંચમહાલમાં ૨૯ તલાટીઓની એકસાથે બદલી

પંચમહાલ જિલ્લા પંચાયતમાં વહીવટી પારદર્શિતા અને ગતિશીલતા લાવવાના ભાગરૂપે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એકસાથે ૨૯ તલાટી કમ મંત્રીઓની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ નિર્ણયમાં ખાસ કરીને જે તલાટીઓ પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા હતા, તેમને અન્યત્ર ખસેડવામાં આવ્યા છે. આ બદલીઓથી ગોધરા, મોરવા હડફ, કાલોલ, હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડા તાલુકાના તલાટીઓને અસર થઈ છે. સૌથી વધુ બદલીઓ ઘોઘંબા (૧૧) અને કાલોલ (૮) તાલુકામાંથી થઈ છે, જેમાં ૧૦ વર્ષથી વધુ સમયથી એક જ જગ્યાએ રહેલા તલાટીઓ પણ સામેલ છે. તંત્રનો હેતુ વહીવટમાં સફાઈ લાવવાનો છે.




## વેજલપુરમાં કપડાં દુકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

અમદાવાદમાં ઝોન-૭ LCB દ્વારા વેજલપુર વિસ્તારમાં વિદેશી દારૂના ગેરકાયદેસર વેચાણ પર તવાઈ બોલાવવામાં આવી છે. ફતેવાડી મુબીન પાર્ક પાસે આવેલી 'એસ.કે. સિલેક્શન' નામની રેડીમેઈડ કપડાંની દુકાનમાં ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. પોલીસે જુદી જુદી બ્રાન્ડની ૭૫૦ મિલીની કુલ ૪૮ નંગ વિદેશી દારૂની બોટલો (કિંમત ₹૨૨,૦૫૦/-), મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ ₹૨૬,૨૫૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ વેજલપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



## વડોદરામાં ૧૫-૨૦ દિવસ પાણી સંકટ: ફ્રેન્ચવેલમાં ડિસિલ્ટિંગ

વડોદરામાં પાણીની સમસ્યા હળવી કરવા માટે VMC દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહીસાગર નદીમાં આવેલા રાયકા ફ્રેન્ચવેલની આસપાસ ભારે સિલ્ટ જમા થઈ ગયો હોવાથી, તેના ડિસિલ્ટિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાનના ભારે પ્રવાહને કારણે જમા થયેલા આ સિલ્ટના કારણે પાણીનો પુરવઠો ઘટ્યો હતો.

આ ડિસિલ્ટિંગ કામગીરીના પગલે રાયકા ફ્રેન્ચવેલથી પાણી મેળવતા વિસ્તારોમાં આગામી ૧૫થી ૨૦ દિવસ માટે પાણી ઓછા સમય અને ઓછા પ્રેશરે મળશે. જેમાં એરપોર્ટ, આજવા, ખોડીયરનગર, વારશીયા, ગાજરાવાડી, નાલંદા, દરજીપુરા, સમા, પુનમ નગર, નોર્થ હરણી, કારેલીબાગ, વ્હીકલપુલ, સયાજીબાગ, જેલ, પાણીગેટ અને લાલબાગ ટાંકીના વિસ્તારોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ફાજલપુર ફ્રેન્ચવેલથી પાણી મેળવતા પરશુરામ, જુનીગઢી, છાણી ગામ, નવી ધરતી, ફતેહપુરા, સાધના નગર જેવા વિસ્તારોમાં પણ પાણી વિતરણ વ્યવસ્થા પર અસર પડવાની સંભાવના છે. મહાનગરપાલિકાએ નાગરિકોને પાણીનો જથ્થો સંગ્રહ કરી લેવા વિનંતી કરી છે અને જણાવ્યું છે કે કામગીરી પૂર્ણ થતાં જ પાણીનો પુરવઠો સામાન્ય થઈ જશે.



## વાઘોડિયા રોડ: નંદનવન સાઇટના ખોદકામને કારણે દીવાલ ધસી પડી

વડોદરાના વાઘોડિયા રોડ સ્થિત કલાદર્શન ચાર રસ્તા પાસે આજે સવારે નિર્માણાધીન નંદનવન સાઇટની બેદરકારીપૂર્વકની કામગીરીને કારણે મોટી દુર્ઘટના થતા ટળી છે. સાઇટ પર પાયો ખોદવાની કામગીરી દરમિયાન બાજુમાં આવેલા સર્જન કોમ્પ્લેક્સની કમ્પાઉન્ડ વોલ અને તેની બાજુના રસ્તા પાસેની દિવાલનો કેટલોક ભાગ ધડાકાભેર ધસી પડ્યો હતો. આ ઘટનાને પગલે સર્જન કોમ્પ્લેક્સ સહિતના આસપાસના બે કોમ્પ્લેક્સના રહેવાસીઓ ભયભીત બન્યા હતા. રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો કે, બે દિવસ પહેલાં પણ તેમણે ડેવલપર બિલ્ડરનું ધ્યાન દોર્યું હતું, છતાં યોગ્ય રીતે કામગીરી ન થતાં આ દુર્ઘટના બની. ભેખડો ધસી પડતાં આસપાસના ઘરો ધ્રુજી ઉઠ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં કોર્પોરેટર આશિષ જોષીએ ફાયર ડિપાર્ટમેન્ટ અને નિર્ભયતા શાખાને જાણ કરી હતી. પાણીગેટ ફાયર સ્ટેશનની ટીમના સ્ટેશન ઓફિસર અર્જુનદાન ગઢવીએ જણાવ્યું કે, બિલ્ડિંગ નિર્માણાધીન હોવાના કારણે આ બનાવ બન્યો છે અને ઉપરની દુકાનોને અસર થઈ છે. ફાયર બ્રિગેડે સાવચેતીના ભાગરૂપે ક્ષતિગ્રસ્ત વિસ્તારને કોર્ડન કરી કામગીરી તાત્કાલિક રોકાવી દીધી હતી અને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા.



## વરણામા હાઈવે પર ટ્રાફિક બેદરકારીના બે બનાવ

વરણામા વિસ્તારમાં હાઈવે પર ટ્રાફિક નિયમોની અવગણનાથી મુસાફરોને પરેશાની ભોગવવી પડી છે. એક બનાવમાં હાઈવે પર અડચણરૂપ રીતે ટેમ્પો પાર્ક કરવામાં આવતા વાહનચાલકોને અવરજવર માટે મુશ્કેલી સર્જાઈ હતી. બીજી ઘટનામાં રોંગ સાઈડ બાઈક હંકારવામાં આવતા અકસ્માતની શક્યતા વધી ગઈ હતી, જેને કારણે માર્ગ પર ક્ષણિક તણાવનું વાતાવરણ સર્જાયું. સ્થાનિક લોકોનું કહેવું છે કે આવી બેદરકારી હાઈવે પર જોખમ વધારતી હોય છે અને નિયમોનું પાલન કરવું સૌના હિતમાં છે. સતત વધતી ટ્રાફિક સમસ્યાઓને ધ્યાનમાં રાખી સતર્કતા જરૂરી બની છે.

## વડોદરા ગ્રામ્યમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન, ૮ ગુના નોંધાયા

વડોદરા ગ્રામ્ય પોલીસે ટ્રાફિક નિયમોના કડક અમલ માટે ઝુંબેશ ચલાવી છે. વડુ પો.સ્ટે.માં મુવાલ ચોકડી પાસે બેફિકરાઈથી બાઈક ચલાવવા બદલ ગુનો નોંધાયો છે. વાઘોડિયા પો.સ્ટે. વિસ્તારમાં પોલીસ સ્ટેશન સામે જ બેફિકરાઈથી બોલેરો હંકારવા બદલ અને બ્રિજ પાસે અડચણરૂપ પાર્કિંગ બદલ ત્રણ ગુના નોંધાયા છે. જ્યારે ડભોઇ પોલીસે એસ.ટી. ડેપો, નાંદોદી ભાગોળ અને ચાણોદ ફાટક પાસે ગફલતભરી રીતે વાહન હંકારવા અને લાલ બજારમાં નો-પાર્કિંગમાં વાહન પાર્ક કરવા બદલ કુલ ચાર ગુના દાખલ કર્યા છે.

## ચાઈનીઝ દોરીના ૧૪૦ રીલ ઝડપાયા, લારીઓ અડચણરૂપ રાખતા ગુના

ડભોઈ તાલુકાના ચનવાડા વિસ્તારમાં એક રહેણાંક ઘરમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના મોટા જથ્થાની મળતાવળ થતાં વિસ્તારમાં ચિંતા ફેલાઈ છે. મળેલી માહિતી મુજબ કુલ ૧૪૦ રીલ, અંદાજિત કિંમત રૂ. ૩૯,૨૦૦ની હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ સાવલી વિસ્તારમાં જાહેર માર્ગ પર અડચણરૂપ રીતે પાણીપુરી અને નાસ્તાની લારીઓ ઉભી રાખવાના અલગ અલગ બનાવો નોંધાયા છે. ગીરધરનગર ચોકડી આસપાસ ટ્રાફિકને અવરોધ સર્જાતા સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. ઉપરાંત, આયશર ટ્રક અને રિક્ષા બેદરકારીથી ચલાવવાના બનાવ પણ સામે આવ્યા છે

## ટ્રાફિક નિયમો અને જાહેરનામા ભંગ બદલ ૧૧થી વધુ ગુના નોંધાયા

વડોદરા ગ્રામ્ય પોલીસે ટ્રાફિક નિયમોના ભંગ અને જાહેરનામાના ઉલ્લંઘન બદલ સપાટો બોલાવ્યો છે. શિનોર પો.સ્ટે. વિસ્તારમાં સેગવા ચોકડી અને બાયપાસ રોડ પર વાહનો અડચણરૂપ પાર્ક કરવા બદલ ગુના નોંધાયા છે. ભાદરવા, ચાણોદ અને જરોદ પો.સ્ટે. વિસ્તારમાં ગફલતભરી રીતે વાહનો હંકારવા બદલ ગુના નોંધાયા છે.

મંજુસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાંચ ગુના નોંધાયા, જેમાં દુમાડ ચોકડી અને નેટાફીમ ચોકડી પાસે વાહનો અડચણરૂપ પાર્ક કરવા બદલ તેમજ ગફલતભરી રીતે ટેમ્પો હંકારવા બદલ કાર્યવાહી થઈ છે. આ ઉપરાંત, ગોઠડા ગામની ફેઝાન અને સંજરી ચિકન શોપના માલિકો વિરુદ્ધ દુકાનમાં CCTV કેમેરા ન લગાવીને જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

## ડીજેના ગીત બદલવા બાબતે તકરાર, પાદરામાં બે પક્ષો વચ્ચે મારામારી

વડોદરા ગ્રામ્ય: પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારના સાધી ગામે ડી.જે.માં ગીત બદલવા જેવી નજીવી બાબતે થયેલી તકરારે મારામારીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ બનાવમાં બે પક્ષો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી.

સજાકભાઈ ઘાંચીએ હાશમી વ્હોરા સહિતના સામા પક્ષ સામે મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામા પક્ષ દ્વારા પણ સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## અડાજણમાં વરિષ્ઠો માટે નિ:શુલ્ક જીવનસાથી સંમેલન

અનુબંધ ફાઉન્ડેશન દ્વારા સુરતમાં 20 ડિસેમ્બરે બપોરે 12 વાગ્યે અડાજણ ખાતે 50થી 80 વર્ષની ઉંમરના કુંવારા, ડિવોર્સી તથા વિધવા-વિધુર માટે નિ:શુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. આ સંમેલન અનુબંધ ફાઉન્ડેશન દ્વારા બદ્રીનારાયણ મંદિર હોલ, BAPS Hospitalની બાજુમાં યોજાનાર છે. સંસ્થાના પ્રમુખ નટુભાઈ પટેલે જણાવ્યું કે સંસ્થાએ દેશભરમાં અત્યાર સુધી 91 સંમેલનો યોજી 16,815 બાયોડેટા એકત્ર કર્યા છે અને 50 વર્ષથી વધુ ઉંમરના 220 વ્યક્તિઓને જીવનસાથી મળ્યો છે. સંમેલનમાં ભારતના કોઈપણ રાજ્યના, કોઈપણ જ્ઞાતિ કે ધર્મના ઉમેદવારો ભાગ લઈ શકે છે. ડિવોર્સી અથવા વિધવા-વિધુર ઉમેદવારોએ ઓળખ અને જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવું પડશે. દૂરથી આવનાર મહિલા ઉમેદવારો માટે રોકાણ અને ભોજનની વ્યવસ્થા રહેશે. બપોરે 12થી રજીસ્ટ્રેશન, ત્યારબાદ ઉદ્ઘાટન, પાત્ર પરિચય અને વ્યક્તિગત મુલાકાતો યોજાશે.

## સુરત: BLOની પ્રેરણાદાયક કામગીરી, મણકાની તકલીફ છતાં ડ્યુટી

રાજ્યમાં BLOની કામગીરીને લઈને ઉગ્ર વિવાદો ચાલી રહ્યા છે, કેટલાક કિસ્સાઓમાં શિક્ષકોના અતિશય કામના ભારણના કારણે મોતના કિસ્સાઓ પણ નોંધાયા છે. આ તમામ નકારાત્મક વાતોની વચ્ચે સુરતના એક શિક્ષક મકરંદ રાજેશભાઈ જોશીએ પોતાની કર્તવ્યનિષ્ઠાનું એક અસામાન્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે ખરેખર પ્રેરણાદાયક છે. સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા ૩૭ વર્ષીય મકરંદ જોશી છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને હાલમાં તેમને સુરત ભાગ-૧૩૮માં SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન)ની કામગીરીમાં BLO તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. કાર્યની શરૂઆત બાદ તેમને ગરદનમાં દુખાવો થતાં ડૉક્ટર પાસે તપાસ કરાવી. ડૉક્ટરે ગળાની નીચે મણકાની ગાદી ખસી જવાનું (સર્વાઇકલ ઇજા) નિદાન કર્યું અને હાથ-ખભાને આરામ આપવાની સલાહ આપી. આમ છતાં, મકરંદભાઈએ શારીરિક પીડાને અવગણીને કોઈપણ પ્રકારની રજાની માગ કર્યા વગર કામ ચાલુ રાખ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, લોકતંત્રને મજબૂત કરવાના આ મહત્ત્વપૂર્ણ કેમ્પેનમાંથી તેઓ બાકાત રહેવા નથી માંગતા. પોતાની આ નિષ્ઠાને આગળ વધારતા, મકરંદભાઈ માઇક અને લાઉડ સ્પીકર સાથે સોસાયટી-સોસાયટીમાં જઈને લોકોને SIRના ફોર્મ ભરવા અને મતદાર યાદી સુધારણામાં સહયોગ આપવા માટે જાગૃત કરી રહ્યા છે. તેઓ આ કામગીરીને જીવનભર યાદ રહે તેવું અમૂલ્ય યોગદાન માનીને કરી રહ્યા છે.



## પાલ વિસ્તારમાં અનધિકૃત બાંધકામ સામે કડક કાર્યવાહી

પાલ વિસ્તારમાં ફાઈનલ પ્લોટ નં. 125 અને 126 પર મહાપાલિકાની મંજૂરી વિના કરાયેલા અનધિકૃત બાંધકામ સામે સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન દ્વારા ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી. વારંવાર નોટિસ આપવામાં છતાં બાંધકામ દૂર ન કરાતા મિલ્કતદાર પાસેથી રૂ. 50 હજારનો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો છે. સાથે જ હોટેલ પાર્ક ઇન રેડિસનથી રાજહંસ કેમ્પસ ચાર રસ્તા, સોમચિંતામણી, રાજહંસ સિનેમા ટી-પોઈન્ટથી પાલ–ઉમરા બ્રિજ તેમજ પાલ આરટીઓ તરફના માર્ગ પર લારીઓ, પાથરણા, ફેરિયા અને બોર્ડ-બેનરોના દબાણો દૂર કરીને સામાન જપ્ત કરવામાં આવ્યો. ગેલેરિયા બિઝનેસ હબ અને અડાજણ ગામ તરફના રસ્તા પરના કાચા-પાકા દબાણો તથા ઝૂંપડાઓ પણ હટાવાયા. આ કાર્યવાહીથી વ્યસ્ત માર્ગો પર પગપાળા ચાલકો અને વાહનચાલકોને ટ્રાફિકમાંથી નોંધપાત્ર રાહત મળી છે.

## સુરત: ટ્રકની ટક્કરથી ૩થી વધુ કારને નુકસાન, ચાલક ફરાર

સુરતમાં બેફામ ડ્રાઇવિંગના જોખમો પર ફરી એકવાર સવાલ ઉઠાવતી એક ગંભીર અકસ્માતની ઘટના ઉમરા ગોથાણ બ્રિજ પર બની છે. આજે સવારે પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે ઉમરા ગોથાણ બ્રિજ પર નિયંત્રણ ગુમાવી દીધું અને અકસ્માતોની હારમાળા સર્જી. ટ્રકે એક-બે નહીં પણ ૩થી વધુ કારને ઉપરા-ઉપરી ટક્કર મારી હતી, જેના કારણે આ તમામ વાહનોને મોટું નુકસાન થયું હતું. કારોને ટક્કર માર્યા બાદ પણ બેકાબૂ બનેલો આ ટ્રક અંતે રસ્તા પર ચાલી રહેલા અન્ય એક ટ્રકમાં ધડાકાભેર ઘૂસી ગયો હતો, જેના કારણે અકસ્માતની ગંભીરતામાં વધારો થયો હતો. આટલો મોટો અકસ્માત સર્જાવા છતાં સદ્દનસીબે કારમાં સવાર મુસાફરોને માત્ર સામાન્ય ઇજાઓ પહોંચી હતી અને કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી. ઘટનાની સૌથી ગંભીર બાબત એ છે કે અકસ્માત સર્જ્યા બાદ ટ્રકનો ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને તાત્કાલિક ફરાર થઈ ગયો હતો. અકસ્માતને કારણે ઉમરા ગોથાણ બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતાં. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી. પોલીસે યુદ્ધના ધોરણે ટ્રાફિક નિયંત્રણ અને અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેને ઝડપી પાડવા માટે ટેકનિકલ અને માનવીય સ્ત્રોતો દ્વારા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**સુરતના ઉમરા ગોથાણ બ્રિજ પર પૂરપાટ ટ્રકે ૩થી વધુ કારોને ટક્કર મારી ગંભીર અકસ્માત સર્જ્યો. સદ્દનસીબે જાનહાનિ ટળી, ટ્રક ચાલક ફરાર.**

## ડભોઇ પાસેથી સ્વિફ્ટ કારમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

વડોદરા: ડભોઇ પોલીસે એક સ્વિફ્ટ કારમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની હેરાફેરી કરતા બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ કુણાલકુમાર આલે (રહે. સમા) અને વિવેકકુમાર બારીયા (રહે. બાપોદ) ની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય આરોપી દીલીપ પંજાબીને વોન્ટેડ જાહેર કરાયો છે. તેમની પાસેથી વિદેશી દારૂ અને બિયરના ૬૯૯ નંગ, જેની કિંમત રૂ. ૩,૪૩,૮૫૨/- છે, તે મળી આવ્યા છે. મોબાઇલ અને સ્વિફ્ટ કાર (GJ-01-HK-3970) સહિત કુલ રૂ. ૫,૦૧,૮૫૨/- નો મુદ્દામાલ કબજે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડમ્ફર અને ઇકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત, એકનું મોત

વડોદરા: વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડમ્ફર અને ઇકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે. નસવાડીના કોલુ ગામના અરવિંદભાઇ રમણભાઇ તડવીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આઇવા ડમ્ફર ટ્રક (નંબર GJ 06 BT 9378) ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી યોગેશભાઇ તડવીની ઇકો ગાડી (નંબર GJ 16 CS 8276) સાથે ધડાકાભેર અથડાવ્યું હતું. આ અકસ્માતમાં યોગેશભાઇ તડવીને ગંભીર ઇજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વરણામા પોલીસે ડમ્ફર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

## કાપોદ્રામાં બીમારી અને મંદીથી કંટાળીને રત્નકલાકારનું મોત

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આજે વહેલી સવારે એક કરુણ ઘટના સામે આવી, જેમાં લાંબી બીમારી અને આર્થિક સંકટથી પીડિત રત્નકલાકારે જીવન ટૂંકાવ્યું. પરિવારજનો સામે બનેલી આ ઘટના સમગ્ર વિસ્તારમાં શોકનું કારણ બની છે. વર્ષોથી રત્નકલાકાર તરીકે કામ કરતા અને છેલ્લા કેટલાક મહિનાથી ગંભીર બીમારીથી પીડાતા વ્યક્તિ માનસિક તણાવમાં હતા. ઘટનાથી ફરી એકવાર હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી મંદી અને તેના માનવીય પ્રભાવ પર ચર્ચા શરૂ થઈ છે.



## સુરતમાં રાત્રિ મોબાઈલ સ્નેચિંગ કરનારા બે ઝડપાયા

સુરત શહેરમાં રાત્રિના સમયે મોબાઈલ ઝૂંટવાની વધતી ઘટનાઓ વચ્ચે ઉત્રાણ વિસ્તારમાં બે રીઢા સ્નેચરો ઝડપાયા છે. આ યુવકો દિવસ દરમિયાન મજૂરી અને હીરા ઘસવાનું કામ કરતા હતા, જ્યારે રાત્રે એકલા ચાલતા રાહદારીઓને ટાર્ગેટ કરીને બાઈક પર ફૂલ સ્પીડમાં મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ જતા હતા. સતત 15 દિવસ સુધી સીસીટીવી ફૂટેજના વિશ્લેષણ બાદ આ બંનેની ઓળખ સામે આવી. તેમની પાસેથી બાઈક અને છ મોબાઈલ મળી આવ્યા છે.



## Silver Oak University: AWS સ્ટુડન્ટ કોમ્યુનિટી ડે, IOT પ્રોજેક્ટ્સ

અમદાવાદમાં ટેકનોલોજીના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે સિલ્વર ઓક યુનિવર્સિટી અને AWS ક્લાઉડ ક્લબ દ્વારા ઇન્ટરનેશનલ AWS સ્ટુડન્ટ કોમ્યુનિટી ડે ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા-ઇવેન્ટમાં અંદાજે ૫૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય AWS નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને ક્લાઉડના આધારભૂત સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવ્યા હતા. મુખ્ય મહેમાન અને ઇન્ટરનેશનલ એક્સપર્ટ ડૉ. બિશ્વજિત મોહાપાત્રાએ વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સ નિહાળી તેમના ઉત્સાહને બિરદાવ્યો હતો. તેમણે ક્લાઉડ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમની વિશેષતા તેના ત્રણ ટેક્નિકલ ટ્રેક્સ હતા, જેમાં AWS ડીપ રેસર કાર ટ્રેનિંગ, IOT, સ્માર્ટ ડિવાઇસિસમાં AWSનો ઉપયોગ અને AWS Amplify જેવા અદ્યતન વિષયો પર હેન્ડ્સ-ઓન સેશન યોજાયા હતા. આ ઉપરાંત સ્ટુડન્ટ બિલ્ડર ઝોનમાં વિદ્યાર્થીઓએ પોતે બનાવેલા ટેકનિકલ પ્રોજેક્ટ્સનું પ્રદર્શન કર્યું હતું અને તે પ્રોડક્ટ્સ બજારમાં કેવી રીતે પહોંચી શકે તે અંગે પણ માર્ગદર્શન મેળવ્યું હતું.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## KC હોલીડેઝ સામે ઈમિગ્રેશન એક્ટ હેઠળ ગુનો: માન્યતા વગર ભરતી

અમદાવાદની કે. સી. હોલીડેઝ કંપની સામે ઈમિગ્રેશન એક્ટના ભંગ બદલ ફરિયાદ નોંધાઈ છે. કંપનીએ દુબઈ વર્ક પરમિટ પર દર મહિને એક લાખ કમાવવાની તક હોવાનું કહી ભરતીની જાહેરાત કરી હતી. અમરાઈવાડી પોલીસે તપાસ કરતા સામે આવ્યું કે એજન્સીના માલિક કિરણ ચૌહાણ અને વિનોદ રાઠોડ પાસે વિદેશમાં રિક્રુટમેન્ટ માટેનું પ્રોટેક્ટર જનરલ ઓફ ઇમિગ્રન્ટ્સ, MEA નું માન્ય સર્ટીફીકેટ નહોતું. પોલીસે બંને ભાગીદારો સામે ઈમિગ્રેશન એક્ટ ૧૯૮૩ની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.



## અમદાવાદ: બનાવટી ટ્રેડિંગ એપ દ્વારા વૃદ્ધ સાથે ₹૩૨ લાખનો ફ્રોડ



અમદાવાદમાં સાયબર ફ્રોડનો વધુ એક કિસ્સો નોંધાયો છે. ૬૫ વર્ષીય નિવૃત્ત શ્રીપ્રકાશ ગુપ્તાને વોટ્સએપ પર 'અનુ શર્મા' નામના એડમિને ટ્રેડિંગ ટિપ્સ આપી. verger-CLL નામની બનાવટી એપ ડાઉનલોડ કરાવીને ઊંચા વળતરની લાલચ આપી હતી. ફરિયાદીએ શેર અને IPOમાં કુલ ₹૩૨ લાખનું ટ્રાન્જેક્શન કર્યું. જોકે, જ્યારે તેમણે મોટી રકમ વિડ્રો કરવાની માગણી કરી, ત્યારે આરોપીઓએ વધુ ₹૫૬ લાખનું રોકાણ કરવાની શરત મૂકતા ફ્રોડ થયાની જાણ થઈ. સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

## ડાંગરવા: કડવા પાટીદાર સમૂહ લગ્નમાં નીતિન-હાર્દિક પટેલ

ચુંવાળ ૭૨ કડવા પાટીદાર સમાજ દ્વારા ડાંગરવા ગામમાં ગૌરવશાળી ૫૮મો સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવના મુખ્ય દાતા યુએસએ સ્થિત અમૃતભાઈ હીરદાસ પટેલ પરિવાર રહ્યા હતા, જેમણે સમગ્ર કાર્યક્રમ માટે આધુનિક ઢબે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. ૬ ડિસેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે જાનનું આગમન થયું અને લાઇવ ડીજે સાથે વરઘોડો નીકળ્યો હતો. સવારે ૯.૩૫ કલાકે શુભ મુહૂર્તમાં હસ્તમેળાપ યોજાયો હતો.

આ ધાર્મિક અને સામાજિક પ્રસંગે ગુજરાતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલ, બેન્કના વા.ચેરમેન જગદીશભાઈ પટેલ અને ઉત્તર ગુજરાતના ભામાશા શ્રી કિરીટભાઈ દેવગઢે હાજરી આપી નવ દંપતિઓને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે દાતાઓએ દીકરીઓને કરિયાવર સ્વરૂપે ફ્રિજ, ઘરઘંટી, તિજોરી અને કિચન સેટ સહિતની કીમતી ચીજ વસ્તુઓની ભેટ આપી હતી. સફળ આયોજન બદલ દાતા અમૃતભાઈ પટેલ પરિવાર અને ગ્રામ્ય યુવાનોની ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**રિપોર્ટ :ભુરાજી ઝાલા,બહુચરાજી**




## મહેસાણા નેશનલ લોક અદાલત સફળ: ₹૯.૬૧ કરોડના સમાધાન

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશોનું પાલન કરતા, મહેસાણા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આજે નેશનલ લોક અદાલતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ન્યાયાધીશ અને સત્તા મંડળના અધ્યક્ષ શ્રી એ. એલ. વ્યાસની અધ્યક્ષતામાં જિલ્લા અદાલત અને તમામ તાલુકા કોર્ટોમાં લોક અદાલતની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ લોક અદાલતનો મુખ્ય હેતુ પક્ષકારોને ઝડપી અને સરળતાથી ન્યાય અપાવવાનો હતો. આ નેશનલ લોક અદાલતમાં સમાધાન પાત્ર ફોજદારી કેસો, દેવા વસૂલાતને લગતા દિવાની તકરારના કેસો, ચેક રિટર્નના કેસો અને મોટર અકસ્માત વળતરની અરજીઓ સહિત અનેક કેટેગરીના કેસોનો નિકાલ કરાયો.

આજના આયોજનના આંકડા અત્યંત પ્રભાવશાળી રહ્યા. કુલ ૧૭,૭૯૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. ખાસ કરીને, ૫૯ મોટર અકસ્માત વળતરના કેસોનો નિકાલ કરીને પીડિતોને વળતર પેટે ₹૧,૫૨,૭૧,૦૦૦/- ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો. ચેક રિટર્નના ૧૮૫૭ કેસો અને પ્રી-લિટિગેશનના ૩૩૨૨ કેસોનો પણ સમાધાનકારી નિકાલ કરાયો હતો. આ લોક અદાલતમાં પક્ષકારો તથા વકીલશ્રીઓના સહયોગથી કુલ ₹૯,૬૧,૬૧,૧૪૦/- ની માતબર રકમના સમાધાન થયા હતા, જે મહેસાણા જિલ્લા ન્યાય તંત્રની મોટી સફળતા છે. **રિપોર્ટ : ભુરાજી ઝાલા,બહુચરાજી**



## ડેસરમાં બાઈક સ્લીપ થતા અકસ્માત, ૪૫ વર્ષીય મહિલાનું મોત

ડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગમખ્વાર માર્ગ અકસ્માતનો બનાવ નોંધાયો છે, જેમાં એક મહિલાનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે. ડેસરના રહેવાસી સંજયભાઈ ઘનશ્યામભાઈ મહેશ્વરીએ આ બનાવ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, ટીવીએસ મોટરસાયકલ (નંબર GJ 06 QF 0249) નો ચાલક દર્શીલકુમાર રમેશભાઈ મહેશ્વરી પોતાનું વાહન બેફામ અને ગફલતભરી રીતે હંકારી રહ્યો હતો. બેકાબૂ બનેલું મોટરસાયકલ અચાનક ખાડામાં પડ્યું હતું. આ અકસ્માતને કારણે મોટરસાયકલ પર પાછળ બેઠેલા રેખાબેન રમેશભાઈ માહેશ્વરી (ઉંમર ૪૫) ને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પોલીસે બેફામ બાઈક ચાલક દર્શીલકુમાર મહેશ્વરી વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બે લાખ ટ્રાન્સફર કરાવી કમિશન રાખી વિશ્વાસઘાત: બે આરોપી ઝડપાયા

વડોદરાના ગોત્રી વિસ્તારમાં બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચમાં ગુનાહિત વિશ્વાસઘાતનો કિસ્સો સામે આવ્યો છે. આરોપીઓ દિનેશભાઇ પરમાર અને કૃણાલભાઇ પ્રજાપતિએ બેંકમાં રૂ. ૨,૦૦,૦૦૦/- ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી હતી. ત્યારબાદ, તેમણે કમિશન પેટે અમુક રકમ રાખીને બાકીના પૈસા ઉપાડી લીધા હતા. આ પ્રકારે આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. ગોત્રી પોલીસે આ અંગે ગુનો નોંધી દિનેશ પરમાર અને કૃણાલ પ્રજાપતિ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરામાં સાયબર ક્રાઇમનો પર્દાફાશ: ૨૦થી વધુ મ્યુલ એકાઉન્ટ કેસ

ગુનાહિત વિશ્વાસઘાત અને સાયબર ક્રાઇમની પ્રવૃત્તિઓએ વડોદરા શહેરમાં માઝા મૂકી છે. શહેરના તમામ ઝોનમાં ૨૦થી વધુ કેસો નોંધાયા છે, જેમાં બેંક એકાઉન્ટને 'મ્યુલ એકાઉન્ટ' તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યા છે. આરોપીઓ ઓછા સમયમાં વધુ પૈસા કમાવવાની લાલચમાં પોતાના બેંક ખાતા સાયબર ગઠિયાઓને ભાડે આપી દે છે, જેનો ઉપયોગ છેતરપિંડીથી મેળવેલા નાણાંને સગેવગે કરવા માટે થાય છે.

નોંધાયેલા કેસોમાં છેતરપિંડીની રકમ લાખોમાં પહોંચી છે. અકોટામાં રૂ. ૧૧.૩૦ લાખનું ફ્રોડ કર્ણાટક બેંકના એકાઉન્ટથી થયું, કુંભારવાડામાં IDFC બેંક એકાઉન્ટમાંથી રૂ. ૩૫.૬૦ લાખનું ટ્રાન્ઝેક્શન નોંધાયું, જ્યારે રાવપુરામાં SBI એકાઉન્ટનો ઉપયોગ કરીને રૂ. ૩.૬૦ લાખનું કમિશન મેળવી આંગડિયા મારફતે નાણાં સગેવગે કરાયા હતા. આ તમામ કેસોમાં બેંક કર્મચારીઓની મિલીભગતની શંકાઓ પણ સેવાઈ રહી છે.

સૌથી મોટો કેસ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે, જ્યાં RBL બેંકના એકાઉન્ટ થકી આશરે રૂ. ૭,૫૮,૬૯,૫૭૭/-ની જંગી રકમનું અનઓથોરાઇઝ્ડ ટ્રાન્ઝેક્શન થયું છે, જે સાબિત કરે છે કે આ ગુનાઓ માત્ર સ્થાનિક સ્તરના નથી. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી, આંતરરાજ્ય સ્તરના આ સાયબર કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




**વડોદરામાં ૨૦થી વધુ 'મ્યુલ એકાઉન્ટ' કેસ નોંધાયા: RBL બેંકના એકાઉન્ટ દ્વારા રૂ. ૭.૫૮ કરોડનું ફ્રોડ. પોલીસે અનેક આરોપીઓની અટકાયત કરી.**

## કારનો કાચ તોડી વિદેશી ચલણ સહિત ₹૧.૫૦ લાખની ચોરી

વડોદરામાં તરસાલી બાયપાસ પાસે પાર્ક કરેલી હ્યુન્ડાઈ ક્રેટા (GJ-18-BG-5787) ગાડીનો કાચ તોડીને ચોરીનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી જયેશકુમાર શાહે નોંધાવેલ ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યા ઈસમે ગાડીમાંથી ૬ બેગ ચોરી કરી હતી. આ બેગમાં ૩,૦૦૦ અમેરિકન ડોલર (આશરે ₹૨.૪૦ લાખ), એક સોનાની ચેઈન અને અન્ય કિંમતી સામાન મળી કુલ ₹૧,૫૦,૦૦૦/- ઉપરાંતની મતાની ચોરી થઈ હોવાનો અંદાજ છે. આ મામલે કપુરાઈ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## દહેજ ત્રાસથી પરિણીતાનો આપઘાત પ્રયાસ, પતિ સહિત ત્રણ સામે ફરિયાદ

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતી ફાલ્ગુનીબેન રાજેશભાઇ દળવી (પાલમેરા હાઇટ્સ) એ દહેજની માંગણી અને માનસિક ત્રાસ આપવાના આક્ષેપ સાથે સાસરીયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ જણાવ્યું કે, પતિ તન્મય કદમ, સસરા નરેંદ્રકુમાર કદમ અને સાસુ લિનાબેન (તમામ રહે. વૃંદાવન સોસાયટી, માંજલપુર) ઘરકામ અને દહેજ બાબતે સતત મેણાં-ટોણાં મારી ત્રાસ આપતા હતા. આ ત્રાસથી કંટાળીને ફાલ્ગુનીબેને ફિનાઇલ પી લીધું હતું. તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પણ આરોપીઓએ આવીને ઝઘડો કર્યો હતો. માંજલપુર પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધરામાં વીજપોલ શોર્ટ સર્કિટથી આગ ઘટના

ગોધરા શહેરમાં રાણી મસ્જિદ નજીક આવેલા વીજપોલ પર શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ હતી. પ્લાસ્ટિક વાયર સળગી ઉઠતાં આગ ઝડપથી ફેલાઈ હતી અને લોકોમાં ભય ફેલાયો હતો. સ્થાનિકોએ MGVCLને જાણ કરી હતી, પરંતુ મોડે પહોંચતા આગ વધુ ભભૂકી ઉઠી. બાદમાં ફાયર વિભાગની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો. ઘટનાને પગલે વિસ્તારનો વીજ પુરવઠો બંધ થયો, જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## નવાદા મોબ લિંચિંગમાં ઘાયલ યુવકનું મૃત્યુ

બિહારના નવાદામાં 5 ડિસેમ્બરે થયેલી મોબ લિંચિંગની ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકનું શુક્રવારે મોડી રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ થયું. મૃતકની ઓળખ નાલંદા જિલ્લાના રહેવાસી મોહમ્મદ અતહર હુસૈન (40) તરીકે થઈ છે. ઘટનાના બે દિવસ બાદ તેણે કેમેરા સામે પોતાનું નિવેદન આપીને હુમલાની સમગ્ર હકીકત જણાવી હતી. છ દિવસ સુધી સારવાર ચાલી છતાં તેની હાલત સુધરી ન હતી અને અંતે તેણે દમ તોડ્યો. આ ઘટનાથી વિસ્તારમાં ભારે સંવેદના અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે.



## અમદાવાદ: પેલેડિયમ બિઝનેસ હબના સ્પામાં આગ, ૫ ગાડીઓ

અમદાવાદના એક અતિ વ્યસ્ત વિસ્તાર, વિસત ગાંધીનગર હાઇવે પર આવેલા પેલેડિયમ બિઝનેસ હબના બીજા માળે આવેલા સ્પા સેન્ટરમાં આજે બપોરે ભીષણ આગ ફાટી નીકળતાં હાઈવે પર દોડધામ મચી ગઈ હતી. 4D મોલની સામે આવેલા આ કોમ્પ્લેક્સમાં આગના પગલે ધુમાડાના ગોટેગોટા આકાશમાં દૂર સુધી દેખાયા હતા. આ ઘટનાએ ફાયર વિભાગને તાત્કાલિક એક્શન લેવા માટે મજબૂર કર્યા હતા.

ફાયર વિભાગના સૂત્રો અનુસાર, આગની જાણ થતાં જ કુલ પાંચ ફાયર ફાઇટર ગાડીઓ તાત્કાલિક સ્થળ પર રવાના કરવામાં આવી હતી. ફાયર ટીમોએ પહોંચીને બીજા માળે લાગેલ આગ પર પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું. આગ સ્પા સેન્ટરની અંદરના ભાગમાં લાગી હોવાથી સમગ્ર માળ ધુમાડાથી ઘેરાઈ ગયો હતો. તકેદારીના ભાગરૂપે બિઝનેસ હબમાં હાજર તમામ કર્મચારીઓ અને મુલાકાતીઓને



તાત્કાલિક સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જેથી કોઈ જાનહાનિ ન થાય. સફળ પ્રયાસોના પરિણામે, ફાયર બ્રિગેડે ગણતરીની કલાકોમાં જ આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લીધી હતી. હાલમાં, આગ સંપૂર્ણપણે બુઝાઈ ગઈ છે અને ફાયર જવાનો દ્વારા કૂલિંગની કામગીરી કરવામાં આવી રહી છે, જેથી કોઈ સંતાયેલી આગ ફરીથી ભભૂકી ન ઉઠે. આગ કયા કારણોસર લાગી તેની તપાસ ચાલી રહી છે, પરંતુ પ્રાથમિક તારણ શોર્ટ સર્કિટ તરફ ઈશારો કરે છે.

## રાજકોટ લોક અદાલત: ₹૧.૧૫ કરોડ સમાધાન, ૧૦૦ ઈ-મેમો

રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આજે રાષ્ટ્રીય મેગા લોક અદાલતનું સફળ આયોજન થયું, જેમાં કુલ ૩૭,૦૦૦ જેટલા કેસો જજ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના એચ. વી. જોટાણીયાએ પત્રકારોને જણાવ્યું કે, આજના કેસોમાં બેંક લેણા, ચેક રિટર્ન, મોટર અકસ્માત વળતર સહિતના વિવિધ સિવિલ કેસોનો સમાવેશ થતો હતો. કુલ કેસોમાંથી ૬૦% કેસોમાં પક્ષકારો વચ્ચે સફળ સમાધાન થયું.

આ લોક અદાલતની સૌથી મોટી સિદ્ધિ ધોરાજીમાં નોંધાયેલા મોટર અકસ્માત વળતરના કેસમાં જોવા મળી, જ્યાં પીડિત પક્ષને ₹૧.૧૫ કરોડનું જંગી સમાધાન વીમા કંપની તરફથી મળ્યું. આ ઉપરાંત રાજકોટ હેડ ક્વાર્ટરમાં પણ ₹૬૫ લાખ અને ₹૫૩ લાખના અન્ય બે કેસમાં સફળ સમાધાન બાદ ચેક વિતરણ કરાયું હતું.

જોકે, મેગા લોક અદાલતમાં ટ્રાફિક ઈ-મેમોના આશ્ચર્યજનક કિસ્સાઓ ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. કેટલાક નાગરિકોને હેલ્મેટ ન પહેરવા બદલ એક જ સ્થળના ૧૦૦ જેટલા મેમો એકસાથે મળ્યા હતા. પીડિતોએ જણાવ્યું કે, તેમને પ્રથમ મેમો મળ્યા બાદ કોઈ જાણ કરવામાં આવી નહોતી. લોક અદાલતમાં પણ તેમને દંડની રકમમાં કોઈ રાહત આપવામાં આવી નહોતી અને કાયદાકીય લડત લડવાનો વિકલ્પ અપાયો હતો, જેનાથી નાગરિકોમાં નારાજગી જોવા મળી હતી.




## દારૂબંધી ભંગ બદલ ૩૫ કેસ, ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત

વડોદરા શહેર પોલીસે દારૂબંધીના કાયદાનો ભંગ કરનારાઓ સામે ઝુંબેશ ચલાવી વિવિધ સ્થળોએથી કુલ ૩૫ કેસ નોંધ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૧૯૭ લીટર દેશી દારૂ (કિંમત રૂ. ૩,૯૪,૦૦૦/-) તેમજ વિદેશી દારૂની ૧૭ બોટલ (કિંમત રૂ. ૫૧,૪૫૦/-) મળી કુલ રૂ. ૫૧,૪૫૦/-નો દારૂનો જથ્થો કબજે કર્યો હતો.

દારૂના વેપારમાં ઉપયોગમાં લેવાયેલી એક રિક્ષા સહિત કુલ રૂ. ૮૦,૦૦૦/-નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. પોલીસે દારૂ પીધેલી હાલતમાં મળી આવેલા ૨૮ વ્યક્તિઓ સહિત કુલ ૩૫ આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ SG હાઇવે પર આઇકોનિક ડસ્ટ ફ્રી રોડ વિકાસ

અમદાવાદ શહેર હવે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે સજ્જ થવા તરફ આગળ વધી રહ્યું છે. AMC દ્વારા શહેરના મુખ્ય માર્ગોને 'આઇકોનિક રોડ' તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. હાલમાં SG હાઇવે પર વૈષ્ણોદેવી સર્કલથી સરખેજ ઉજાલા સર્કલ સુધીનો રોડ આઇકોનિક ડસ્ટ ફ્રી રોડ તરીકે ડેવલપ કરાઈ રહ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા મુજબ, પ્રથમ તબક્કામાં પકવાન સર્કલથી ઇસ્કોન બ્રિજ સુધીનું કામ અંતિમ ચરણમાં છે.

હાઇવે પર વાહનોની રફતાર વચ્ચે લોકોને સુકૂનની પળ મળે તે હેતુથી લેન્ડસ્કેપિંગ, બેસવાની વ્યવસ્થા અને જીમ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. સર્વિસ રોડનું ૮ મીટરની પહોળાઈમાં ૭૫૦ મીટર સુધી ડેવલપમેન્ટ કરાયું છે. આ ઉપરાંત, લગાવવામાં આવેલા દરેક વૃક્ષની માહિતી આપતું બોર્ડ પણ લગાવવામાં આવ્યું છે. AMC આ પ્રોજેક્ટને ડિસેમ્બર મહિનાના અંતમાં પૂર્ણ કરીને અમદાવાદીઓ માટે ખુલ્લો મૂકવા માટે તૈયાર છે, જે વિદેશના હાઇવે જેવો અનુભવ કરાવશે.




## અલંગ: ઉદ્યોગપતિઓના દબાણ પર મૌન, સ્થાનિકો પર કાર્યવાહી

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના વિવાદાસ્પદ દબાણ હટાવ અભિયાનમાં એક નવો વળાંક આવ્યો છે. અલંગ સોસીયા શીપ બ્રેકિંગ કામદાર સંઘના મંત્રી સુખદેવસિંહ ગોહિલે પત્રકાર પરિષદમાં સરકારની કાર્યવાહી પર સવાલ ઉઠાવી 'અન્યાય'નો આક્ષેપ કર્યો છે. તેમની રજૂઆત મુજબ, ઉદ્યોગના વિકાસ માટે જમીન આપવાના વિરોધી તેઓ નથી, પરંતુ નિયમોના ઉલ્લંઘન પર બેવડું વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

ગોહિલના જણાવ્યા અનુસાર, ઉદ્યોગપતિઓ દ્વારા ગુજરાત મેરીટાઇમ બોર્ડના નિયમોનું ઉલ્લંઘન કરીને દરિયાની અંદર બેફામ બાંધકામો કરી પ્લોટોની લંબાઈ વધારાઈ છે. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં અને CRZ હેઠળ ૫૦૦ મીટરની અંદર બાંધકામ ન કરવાના નિયમનો ભંગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સરકારી જમીન પર મજૂરો માટેની ખોલીઓ બનાવી દેવાઈ છે અને બિનખેતી ન હોવા છતાં કટિંગ થઈ રહ્યું છે. આ મોટા બાંધકામો સામે કોઈ કાર્યવાહી થતી નથી.

બીજી તરફ, વર્ષોથી રહેતા ગામડાના લોકો, નાના વેપારીઓ અને મજૂરોની ખોલીઓનું ડેમોલેશન કરાઈ રહ્યું છે, જે સ્પષ્ટ અન્યાય છે. સંઘની માંગ છે કે જો ઉદ્યોગપતિઓને રાહત દરે જમીન આપવાની હોય, તો સ્થાનિક નાના વેપારીઓને પણ ધંધા માટે તે જ દરે જમીન મળવી જોઈએ. સંઘે પર્યાવરણ, આરોગ્ય, અને સ્થાનિક રોજગારીના મુદ્દે પણ લડત ચાલુ રાખવાની જાહેરાત કરી છે. ઉદ્યોગોના પ્રદૂષણને કારણે કેન્સર અને હૃદય રોગ જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધ્યું છે. ગોહિલે માગ કરી છે કે સરકારે આ જમીન ખાલી કરાવીને શું યોજના છે તે સ્પષ્ટ કરવું જોઈએ અને પહેલા ગેરકાયદેસર રીતે પ્લોટ વધારનાર ઉદ્યોગપતિઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.**રિપોર્ટ : મનસુખ વાળા**



## નશામાં વાહન ચલાવવાના બનાવોથી માર્ગ સલામતીને ખતરો

વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કેફી પીણાંના નશામાં વાહન ચલાવવાના તથા શંકાસ્પદ હલચલના બનાવો સામે આવતા જાહેર સુરક્ષા અંગે ગંભીર ચર્ચા શરૂ થઈ છે. મંજુસર વિસ્તારમાં એક બાઈક ચાલક કેફી પીણું પીધેલી હાલતમાં રસ્તા પર જોવા મળ્યો હતો, જે દરમિયાન અન્ય વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ડભોઇ વિસ્તારમાં બે અલગ અલગ ઘટનાઓ સામે આવી છે. એક બનાવમાં રાત્રિના સમયે તરસાણા ચોકડી નજીક એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં ફરતી જોવા મળી, જેને લઈને સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બીજી ઘટનામાં ઇક્કો ગાડીનો ચાલક નશાની હાલતમાં વાહન ચલાવતા જોવા મળ્યો હતો, જે માર્ગ સલામતી માટે ગંભીર જોખમ માનવામાં આવી રહ્યું છે.

વરણામા વિસ્તારમાં પણ બાઈક ચાલક કેફી પીણાંના નશામાં હોવાનું બહાર આવ્યું છે. આવા બનાવો વધતા જતા જાહેર માર્ગો પર અકસ્માતની શક્યતા અને અસામાજિક પ્રવૃત્તિઓનો ખતરો વધી રહ્યો છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે નશામાં વાહન ચલાવવું એક સામાજિક સમસ્યા બની રહી છે. સમયસર જાગૃતિ, સ્વનિયંત્રણ અને નિયમોનું પાલન જ આવા બનાવોને અટકાવી શકે છે. જાહેર સલામતી માટે સૌની જવાબદારી મહત્વપૂર્ણ બની છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ઇડર મામલતદાર, પંચાયત કચેરીમાં ભ્રષ્ટાચાર; એજન્ટોનો રાફડો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભ્રષ્ટાચાર મુક્ત ભારતના સંકલ્પને પડકાર ફેંકતો કિસ્સો સાબરકાંઠા જિલ્લાના ઇડરમાં સામે આવ્યો છે. અહીં મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીઓમાં ખાનગી એજન્ટો અને હંગામી કર્મચારીઓની મિલીભગતથી મોટા પાયે ભ્રષ્ટાચાર આચરાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો છે. કચેરીઓ બહાર એજન્ટોનો મોટો રાફડો ફાટ્યો છે, જેઓ સામાન્ય અને મજબૂર લોકોને સરકારી દાખલાઓ તુરંત કાઢી આપવાની લાલચ આપીને તેમની પાસેથી રૂ. ૩,૦૦૦ જેટલી મોટી રકમ વસૂલી રહ્યા છે, જેના કારણે અનેક લોકોને છેતરપિંડીનો ભોગ બનવું પડ્યું છે. સૌથી સનસનીખેજ ખુલાસો એ છે કે આ ખાનગી એજન્ટોએ કોઈ પણ અધિકાર કે ડિગ્રી વગર પોતે જ તાલુકા વિકાસ અધિકારીની ખોટી સહી કરીને દાખલા આપી દીધા હોવાના ત્રણ બનાવો બન્યા છે. તેમ છતાં, આ ભ્રષ્ટ પ્રવૃત્તિઓ પર કોઈ લગામ આવી નથી. સ્થાનિક લોકોમાં એવી ચર્ચા છે કે આ ભ્રષ્ટાચારમાં હંગામી કર્મચારીઓ સીધા સંડોવાયેલા છે અને ઉચ્ચ અધિકારીઓ ખાનગીમાં મળતા આર્થિક લાભોને કારણે મૌન સેવી રહ્યા છે. આ અનિયમિતતાઓ સામે મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોઈ યોગ્ય તપાસ હાથ ધરવામાં ન આવતા, હવે સ્થાનિક લોકો રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ પાસે ન્યાયની માંગ કરી રહ્યા છે. તેમની માંગ છે કે આ કથિત ભ્રષ્ટાચારીઓ અને ખાનગી એજન્ટો સામે સખત કાર્યવાહી કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે, જેથી સામાન્ય જનતાને સાચો ન્યાય મળી શકે અને છેતરપિંડીનો ભોગ બનતા અટકે.

**રિપોર્ટ જનક જાદવ સાબરકાંઠા**




## GSRTC બસ અનિયમિતતા: વિદ્યાર્થીઓ-નોકરીયાતો ખાનગી વાહનો તરફ

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા ગામડાંથી શહેર સુધી રાહતદરે મુસાફરીની વ્યવસ્થા હોવા છતાં, બસોની અનિયમિતતાથી મુસાફરોની મુશ્કેલીઓ વધી રહી છે. સાબરકાંઠાના હિંમતનગર, ઇડર, પ્રાંતિજ, વડાલી સહિત અરવલ્લીના મોડાસા, ભિલોડા અને બાયડ પંથકના ગ્રામ્ય વિસ્તારના હજારો વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને આ અનિયમિતતાની સજા ભોગવવી પડી રહી છે. નિયત સમયે બસ ન મળવાના કારણે આ લોકોને સમયસર શાળા-કોલેજ કે નોકરીના સ્થળે પહોંચી શકાતું નથી. પરિણામે, તેમને મજબૂરીમાં ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે. નિગમ આ સમસ્યાથી વાકેફ હોવા છતાં 'અજાણ' બનીને બેઠું હોવાથી આ સમસ્યા દિવસેને દિવસે વકરી રહી છે. લોકોએ તાત્કાલિક બસ સેવા નિયમિત કરવાની માંગ કરી છે.

**રિપોર્ટ જનક જાદવ સાબરકાંઠા**



## ડેસર: આંબલીયા તળાવમાંથી 52 વર્ષીય યુવાનની લાશ મળી



ડેસર ગામમાં શનિવારનો દિવસ દુઃખદ ઘટના સાથે શરૂ થયો, જ્યાં આંબલીયા તળાવમાંથી પર વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઇ છે. સવારે ૧૦ વાગ્યાની આસપાસ કોઈ રાહદારીની નજર તળાવમાં તરતી લાશ પર પડી હતી, જેથી તાત્કાલિક સ્થાનિકોનું મોટું ટોળું સ્થળ પર એકઠું થયું હતું.
ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ તરવૈયાઓને બોલાવી લાશને બહાર કઢાવી હતી. મૃતદેહને તાત્કાલિક પીએમ અર્થે ડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયો હતો. મૃતકની ઓળખ ડેસર મહાદેવ પાસે રહેતા મનુભાઈ નારાયણભાઈ પારેખ તરીકે થઈ છે, જેઓ હેર કટિંગનો ધંધો કરતા હતા. તેમની ઉંમર આશરે પર વર્ષની હતી. માહિતી મુજબ, મૃતકના પરિવારમાં તેમના પત્ની છે અને તેમનો એક પુત્ર સુરતમાં નોકરી કરે છે. અકસ્માત છે કે અન્ય કોઈ કારણ, તે જાણવા માટે સ્થાનિક તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ દુઃખદ ઘટનાને પગલે ડેસર ગામમાં શોકનું વાતાવરણ છવાયું છે. **રિપોર્ટ કિરણસિંહ સોલંકી ડેસર**

## મહીસાગર LCBએ બાકોરમાં ₹32,500નો દેશી દારૂનો વોશ ઝડપ્યો



મહીસાગર જિલ્લામાં વિદેશી દારૂ બાદ હવે દેશી દારૂની અસામાજિક પ્રવૃત્તિઓ પર પણ જિલ્લા પોલીસનો સપાટો બોલ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફીન હસનના કડક આદેશને પગલે LCB (સ્થાનિક ગુના શાખા) એ બાકોર તાલુકામાં વિશેષ પ્રોહીબિશન વોચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં કુલ ₹૩૨,૫૦૦/-નો દેશી દારૂ બનાવવાનો વોશ ઝડપી પાડવામાં આવ્યો છે. LCB પી.આઈ. એમ.કે. ખાંટના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તપાસ દરમિયાન ટીમે દેગમડા ગામની સીમમાં આવેલ મહીસાગર નદીના બેટમાં પથ્થરોની આડશમાંથી ગેરકાયદેસર રીતે છુપાવેલો ૧,૧૦૦ લીટર વોશ (કિંમત ₹૨૭,૫૦૦/-) નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી બાદ LCBએ કાર્નેસર ગામની સીમમાં મહીસાગર નદીના કિનારે પણ તપાસ કરી, જ્યાંથી ૨૦૦ લીટર વોશ (કિંમત ₹૫,૦૦૦) સાથે ગોલાના પાલ્લા, લુણાવાડાના રહેવાસી સુનીલભાઈ લક્ષ્મણભાઈ નાયક નામના એક આરોપીને ઝડપી પાડ્યો હતો. આમ, મહીસાગર LCBએ પ્રોહીબિશન એક્ટ હેઠળ અસરકારક કામગીરી કરીને કુલ ૧,૩૦૦ લીટર વોશ જપ્ત કર્યો છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

## મહીસાગર પોલીસ: ૭૦ વર્ષીય અસ્થિર વૃદ્ધનું પરિવાર સાથે મિલન



મહીસાગર પોલીસે ફરજની સાથે સંવેદનાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાઇટ રાઉન્ડ દરમિયાન હાઇવે પર ભટકી રહેલા ૭૦ વર્ષીય માનસિક અસ્થિર વૃદ્ધ મળી આવ્યા હતા. પોલીસે વૃદ્ધને વિશ્વાસમાં લઈને તેમની પૂછપરછ કરી હતી અને રાતભર મહેનત કર્યા બાદ ગણતરીના કલાકોમાં જ તેમના પરિવારની ભાળ મેળવી હતી. સહીસલામત ઘરે પહોંચેલા વૃદ્ધને જોઈને પરિવારજનોએ પોલીસની કામગીરીની સરાહના કરી આભાર માન્યો હતો. આ ઘટનાએ પોલીસની માનવીય અભિગમને ઉજાગર કર્યો છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

## બીલખામાંથી ૫૭ મુસ્લિમો હજયાત્રાએ, સમાજે કરાવ્યું પ્રસ્થાન



બધા ધર્મોમાં પોતાનું એક પવિત્ર ધામ હોય છે, તેવી રીતે મુસ્લિમો માટે મક્કા-મદીનાની હજયાત્રા જીવનની સફળતા અને ખુશનસીબી ગણાય છે. બીલખામાંથી એક સાથે ૫૭ શ્રદ્ધાળુઓ વીસ દિવસની ઉમરાહ હજયાત્રાએ જઈ રહ્યા હતા. આ પવિત્ર પ્રસંગે છેલ્લા દસ દિવસથી હિન્દુ-મુસ્લિમ સમાજ દ્વારા આયોજનો કરી તમામ યાત્રીઓને મુબારકબાદી આપવામાં આવી રહી હતી. આજે શુભ પ્રસ્થાનના દિવસે સમગ્ર વાતાવરણ હર્ષ-ઉલ્લાસમય બની ગયું હતું અને સમાજે યાત્રીઓ હેમખેમ પરત ફરે તેવી દુઆ કરી હતી. **રિપોર્ટ : આશિષ વસાવડા**

## હિંમતનગર હાઇવે પર ટ્રક મંદિરમાં ઘૂસ્યો: દલપુર મંદિરે નુકસાન



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-પ્રાંતિજ હાઇવે પર દલપુર નજીક શુક્રવારે રાત્રે ટ્રક અકસ્માત સર્જાયો હતો. જોગણી માતાજીના મંદિર પાસે ટ્રક ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક સીધો મંદિરમાં ઘસી ગયો હતો. આ અકસ્માતને પગલે મંદિરનો આગળનો ભાગ અને પતરાનો શેડ તૂટી જતાં મોટું નુકસાન થયું હતું. સદનસીબે મોડી રાત હોવાથી મંદિરમાં કોઈ હાજર નહોતું, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. **રિપોર્ટ : સોમાજી ચૌહાણ**